Sandesh

EDII

July 21, 2024
Page No.6
of City Life

# EDIIના PGDM-E બેચમાં દેશભરમાંથી ૮૫ ઊભરતા ઉદ્યોગ સાહસિકો જોડાયા

## ૨૦૨૪ની બેચમાં ૧૪ રાજ્યો અને ૧ કેન્દ્રશાસિત પ્રદેશમાંથી આવેલા લોકો આંત્રપ્રિન્યોરશિપના પાઠ ભણશે




**સિટી લાઈફ |** આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા(EDII)માં ૨૦૨૪થી ૨૦૨૬ સુધી પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન મેનેજમેન્ટ - આંત્રપ્રિન્યોરશિપ (પીજીડીએમ-ઈ) પ્રોગ્રામમાં આ વર્ષે ૧૪ રાજ્યો અને ૧ કેન્દ્રશાસિત પ્રદેશના ૮૫ વિદ્યાર્થીઓ જોડાયા છે. આ પીજીડીએમ-ઈની ૨૭મી બેચ છે. EDII કેમ્પસ ખાતે યોજાયેલા સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે નેશનલ સ્કિલ ડેવલપમેન્ટ કોર્પોરેશન(NSDC) નવી દિલ્હીના સીઈઓ, સલાહકાર અને ઈડીઆઈ આઈ ગવર્નિંગ બોર્ડના સભ્ય ડૉ. ઓ.પી. ગોયલ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત ઈડીઆઈઆઈ ડાયરેક્ટર જનરલ ડૉ. સુનિલ શુક્લા તેમજ પીજીડીએમ-ઈના ચેરપર્સન ડૉ. સત્ય રંજન આચાર્ય પણ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે વિદ્યાર્થીઓને સંબોધતા મુખ્ય અતિથિ ડૉ. ગોયલે જણાવ્યું હતું કે, 'દેશના અસંખ્ય યુવાનોમાંથી માત્ર ૮ ટકાને જ ઉચ્ચ અભ્યાસ કરવાની તક મળે છે. તમે બધા ભાગ્યશાળી છો કારણ કે તમે બધા દેશની આ અગ્રણી ઉદ્યોગ સાહસિક સંસ્થામાં છો. હું દરેકને શાનદાર આંત્રપ્રિન્યોર જર્નીની શુભેચ્છા પાઠવું છું અને તમને સાત આંત્રપ્રિન્યોર મંત્રોને હંમેશા યાદ રાખવા વિનંતી કરું છું. જેમા પડકારનો સ્વિકાર કરો, નેટવર્ક બનાવો, સતત માર્ગદર્શન મેળવતા રહો, હંમેશા નવું શીખતા રહો અને આસપાસના લોકોની શક્તિ અને અનુભવોનો લાભ લો તેમજ સતત નવું શીખવા માટે જોખમો ઉઠાવતા રહો અને અડેપ્ટબિલિટી ડેવલોપ કરો.' ડૉ. સુનિલ શુક્લાએ વિદ્યાર્થીઓને ઈડીઆઈઆઈ કેમ્પસમાં ઉદ્યોગસાહસિક ઈકોસિસ્ટમનો શ્રેષ્ઠ ઉપયોગ કરવાની સલાહ આપી હતી. તેમણે કહ્યું, 'મને આનંદ છે કે તમે ઉદ્યોગસાહસિકતાને અનુસરવાનું પસંદ કર્યું છે. ઈડીઆઈઆઈનો કરિક્યુલમ માર્કેટ ઓરિએન્ટેડ અને કન્ટેમ્પરરી છે. જેથી આ આટલો સુસંગત અને પ્રભાવશાળી છે. ઈડીઆઈ આઈ એ ઘણી સફળતાની વાર્તાઓ જોઈ છે અને મને ખાતરી છે કે ટૂંક સમયમાં તમેબધા પણ સિદ્ધિઓની આ બ્રિગેડમાં જોડાઈ જશો.'